# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨૧/૭/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'ડાયાબિટીસ એન્ડ ઓર્થોપેડિક ફૂટ પ્રોબ્લેમ્સ' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા મંગળવાર, તા. ૨૦ જુલાઇ ૨૦૨૧ના રોજ 'ડાયાબિટીસ એન્ડ ઓર્થોપેડિક ફૂટ પ્રોબ્લેમ્સ' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાત વકતા તરીકે પોડાઇટ્રી એટલે ફૂટ એન્ડ એન્કલ સ્પેશ્યાલિસ્ટ ડો. શૈલેષ છોટાલાએ પગ સંબંધિત રોગ તથા તેના નિદાન વિશે મહત્વની માહિતી આપી હતી.

પોડાઇટ્રી ડો. શૈલેષ છોટાલાએ જણાવ્યું હતું કે ડાયાબિટીસને કારણે પગમાં બળતરા, ખાલી ચડવી, પગમાં આટણ કે કપાસી પડવી, ચાંદુ પડવું (અલ્સર) અને પગમાં સડો (ગેન્ગરીન) વિગેરે સમસ્યાને કારણે પગમાં જે જગ્યાએ સડો લાગ્યો હોય તે ભાગને કાપવાની પણ નોબત આવે છે. હાલમાં લોકોમાં ડાયાબિટીસનું પ્રમાણ વધારે જોવા મળી રહયું છે અને પાંચ – દસ વર્ષ બાદ પગમાં પહેરાશ પણ આવી જાય છે. એમના પગના સેન્સેશન ઓછા થઇ જાય છે. આથી પોડાઇટ્રી એટલે કે ફૂડ એન્ડ એન્કલના સ્પેશ્યાલિસ્ટની સમયસર સારવાર કરાવી હોય તો પગના રોગને કારણે ઉભી થતી સમસ્યાથી બચી શકાય.

બાળકોમાં સપાટ પગની સમસ્યાઓ જોવા મળે છે. જેમાં બાળકોના પગનો આકાર બદલવો, એડી – ઘુંટણનો દુ:ખાવો અને કમરના દુ:ખાવાથી સમયસર સારવારને કારણે બચી શકાય છે. એના માટે બાળકોના પગની સમયસર તપાસ કરવી જોઇએ અને પગમાં ઇજા થાય તો ડોકટરને બતાવી સારવાર કરવી જોઇએ. જે બાળકોમાં

સપાટ પગની સમસ્યા જણાય તેઓને વ્યવસ્થિત ફૂટવેર પહેરાવવા જોઇએ, જેથી કરીને પગનો બાંધો જાળવી શકાય. ડોકટરની સલાહથી સામાન્ય કસરત કરવાથી એડી – ઘુંટણના દુઃખાવામાં રાહત થાય છે.

ચેમ્બરના ગૃપ ચેરમેન બિજલ જરીવાલાએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. વેબિનારના અંતે ચેમ્બરની એનઆરજી કમિટીના કો–ચેરમેન કલ્પેશકુમાર લાઠીયાએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.